# સિવિલ હોસ્પિટલમાં ઈલેક્ટ્રોનીક રૂમની બારીનો કાચ તોડીને ચોરી

## ઈલેક્ટ્રોનીક રૂમમાંથી ચાર પંખા, એમ્પ્લીફાયર સહીત નાની-મોટી ઈલેક્ટ્રોનીક ચિજવસ્તુઓની ચોરી

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગર સિવિલ હોસ્પિટલના ઈલેક્ટ્રોનીક રૂમને તસ્કરોએ રાત્રી દરમ્યાન નિશાન બનાવ્યો હતો. ઈલેક્ટ્રોનીક રૂમની બારીનો કાચ તોડીને રૂમમાં ઘુસી તેમાંથી ચાર પંખા, એમ્પ્લીફાયર તથા અન્ય નાની-મોટી ઈલેક્ટ્રોનીક ચિજવસ્તુઓની ઉઠાંતરી કરી તસ્કરો ફરાર થઈ ગયા હતા. આ સંદર્ભે ગાંધીનગર સિવિલ હોસ્પિટલ સત્તાવાળાઓને જાણ થતાં સે. ૭ પોલીસમથકે જાણ કરી અરજી આપવામાં આવી છે.

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં રવિવારે રાત્રે ૧૧ વાગ્યાના અરસામાં તસ્કરો ત્રાટક્યા હતા. આ વખતે તસ્કરોનો ટાર્ગેટ પાર્કીંગમાં પડેલા વાહનો ન હતા પરંતુ હોસ્પિટલના ઈલેક્ટ્રોનીક રૂમમાં પડેલા પંખા અને અન્ય ઈલેક્ટ્રોનીક ચિજવસ્તુઓ ટાર્ગેટ હતી. કાળઝાળ ગરમી શરૂ થઈ ગઈ છે ત્યારે ગરમીમાં પંખા ચોરી જનાર શખ્સોને જરૂરીયાતમંદ ચોર કહેવા કે શું ? તે સમજાતું નથી. હોસ્પિટલના ઈલેક્ટ્રોનીક રૂમની બારીનો કાચ તોડીને ઘુસેલા તસ્કરો રૂમમાંથી ચાર-ચાર પંખાઓ અને એમ્પ્લીફાયર તથા અન્ય ઈલેક્ટ્રોનીક ચિજવસ્તુઓ ચોરીને ફરાર થઈ ગયા હતા. સિવિલ હોસ્પિટલના સત્તાવાળાના જણાવ્યા મુજબ હોસ્પિટલમાં થયેલી ચોરી સંદર્ભે સેક્ટર-૭ પોલીસને લેખીતમાં જાણ કરી અરજી આપી દેવામાં આવી છે. તે ચોર અંગે તપાસ ચાલી રહી છે.



ગાંધીનગર જિલ્લાના પ્રવેશદ્વાર સમા ચિલોડા સર્કલથી હિંમતનગર જવાના હાઈવે નં. ૮ પર બંને રોડ સાઈડ પર વર્ષો પહેલા નવોદિત રોપેલા વૃક્ષોના છોડને રક્ષણ માટે વનવિભાગ દ્વારા છોડના સંપૂર્ણ ઉછેર અર્થે લોખંડની જાળીથી બનાવેલા ટ્રી ગાર્ડનો ઉપયોગ કર્યો હતો. ત્યારબાદ આ રોડ પર વૃક્ષોનો ઉછેર બાદ બિનઉપયોગી ઘણા ટ્રી ગાર્ડ રફેદફે થઈ ગયાં માલુમ પડે છે. જ્યારે હાઈવે માર્ગ પર ચંદ્રાલા નજીકની એક હોટલ સામે ગાંધીનગર ૨૬ કિ.મી.નો માઈલ સ્ટોન લગાડેલ છે તેના પર ટ્રી ગાર્ડ આવેલું છે. જે સંપૂર્ણ પથ્થરનું રક્ષણ કરવા અડીખમ હજુ ઉભું છે. આ ટ્રી ગાર્ડ પર શ્રીનાથ મોટર્સ ગેરેજનું બોર્ડ જાહેરાત રૂપે લગાડેલું છે. આમ આ ટ્રી ગાર્ડ માઈલ સ્ટોન મતે જાહેરાત તરીકે બેવડું કામ કરી રહ્યું હોય તેવું લાગે છે. (તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)

# ગુજરાત મેરીટાઈમ બોર્ડમાં વર્ગ-૧ અને ૨ ની જગ્યાઓ ઘણા સમયથી ખાલી રહેતા વહીવટ રામભરોસે

ગાંધીનગર, તા. ૧૬

ગુજરાત મેરીટાઈમ બોર્ડ કર્મચારી સંઘ મહામંડળના મહામંત્રી જે.આર. શ્રીમાળીએ એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે, ગુજરાતના બંદરોની કામગીરી ગુજરાત મેરીટાઈમ બોર્ડ ગાંધીનગરમાંથી થાય છે. બોર્ડમાં અગત્યની વર્ગ એકની જગ્યામાં ચેરમેન, વાઈસ ચેરમેન, હિસાબી અધિકારી, મુખ્ય ઈજનેર, નાયબ સચિવ, ટ્રાફીક મેનેજર વગેરે જગ્યાઓ ઘણા સમયથી ખાલી છે. ફક્ત ચાર્જથી બોર્ડનો વહીવટ ચાલતો હોવાથી કામગીરીમાં ગતિશીલતાનો અભાવ વર્તાય છે.

બંદરોના અધિકતમ વિકાસ માટે રાજ્ય સરકાર ખૂબ જ ઉત્સાહી છે. પરંતુ કેટલાક સમયથી બંદરોની કામગીરી જ્યાંથી સંચાલીત થાય તે ગુજરાત મેરીટાઈમ બોર્ડમાં અગત્યની જગ્યાઓ ખાલી છે. વર્ગ-૧ની ચેરમેન, વાઈસ ચેરમેન, ખાસ ફરજ પરના અધિકારી, નાણાકીય નિયંત્રક સહ મુખ્ય હિસાબી અધિકારી, મુખ્ય ઈજનેર, નાયબ સચિવ, ટ્રાફિક મેનેજર, હિસાબી અધિકારી તેમજ વર્ગ-૨ની ૧૫ જેટલી જગ્યાઓ ઘણા સમયથી ખાલી છે.

જેના કારણે બંદરની ટેકનીકલ અને વહીવટી કામગીરી સુનિયોજીત રીતે થઈ શકતી નથી. બોર્ડનો વહીવટી ફક્ત ચાર્જથી ચલાવવાના કારણે અધિકારી, કર્મચારીઓમાં બઢતીના અભાવે નિરુત્સાહિભર્યુ વાતાવરણ સર્જાયેલ છે. આ બોર્ડ દ્વારા રાજ્ય સરકારને કરોડો રૂપિયાની આવક થતી હોવા છતાં, વહીવટી ગતિશીલતાના અભાવે મુખ્યમંત્રીના બંદરોના વેગવંતા વિકાસની અપેક્ષા અને અધિકતમ મહેસૂલી આવક મેળવી રાજ્યનો મહત્તમ વિકાસ કરવાની કામગીરી ખોરંભે પડી છે. જેને અનુલક્ષી બોર્ડમાં ખાલી પડેલ તમામ જગ્યાઓ બઢકી કે નિમણૂંકથી સત્વરે ભરવામાં આવે તેવી આ મહામંડળે અપેક્ષા વ્યક્ત કરી છે.

## સેક્ટર-૩/એ ખાતે રવિવારે આનંદનો ગરબો

ગાંધીનગર, તા.૧૬

ગાંધીનગર સેક્ટર-૩એ, માં રહેતા આશાબેન જે. દવેના નિવાસ સ્થાને રવિવારે આનંદનો ગરબો યોજવામાં આવશે. મધુબેન કે. કડીકર દ્વારા આ આનંદનો ગરબો તેમના મધુર કંઠે ભક્તિ આરાધનાના આ પ્રસંગમાં સર્વ માઈ ભક્તોને દર્શન કરવા ભાવભર્યું આમંત્રણ આપવામાં આવે છે.

# સેક્ટર-૨/સીમાં સદ્‌ભાવ પરિવાર ટ્રસ્ટ દ્વારા રામકથાનું આયોજન

ગાંધીનગર, તા. ૧૬

સદ્‌ભાવ પરિવાર ટ્રસ્ટના લાભાર્થે સેક્ટર-૨/સી ગણેશ ચોકમાં અખંડ અગ્નિહોત્રી જ્યોતિષી બરાડીયા બાપુની રામકથાનો તા. ૧૦મી મેથી પ્રારંભ થયો છે. ગૌસેવા, દર્દી સેવા, ટીફીન સેવાના લાભાર્થે બરાડીયા બાપુ ગણેશ ચોક ખાતે બપોરના ૨ થી સાંજના ૬ સુધી રામકથાનું રસપાન કરાવી રહ્યા છે.

કથાના પ્રથમ દિવસે સેક્ટર-૨ના રહીશો તથા મહિલા મંડળના ઉપક્રમે પોથીજીની ભવ્ય શોભાયાત્રા બેન્ડબાંજાની સૂરાવલીઓ સાથે નીકળી હતી. રામકથા તા. ૧૮ મે ૨૦૧૩ શનિવાર સુધી ચાલશે.

સદ્‌ભાવ પરિવાર ટ્રસ્ટી મંડળે જય સિયારામ સાથે કથા શ્રવણ માટે ભાવિક ભક્તોને આમંત્રણ આપ્યું છે. સમગ્ર રામકથાના સહયોગીઓમાં કાઉન્સિલરો મનુભાઈ પટેલ, આશિષ દવે, રમીલાબેન પરમાર, ગાંધીનગર શહેર વસાહત મહામંડળના પ્રમુખ અરુમભાઈ બુચ, સેક્ટર-૨ વસાહત મંડળના ઉપપ્રમુખ, ભાનુભાઈ દવે, હર્ષદભાઈ ઠાકર, પ્રમુખ રાજેન્દ્ર પારેખ, પેન્શનર્સ એસો.ના નિરંજન ઓઝા, ડી. પી. સંઘાણી સહિતના અગ્રણીઓ સહયોગ આપી રહ્યા છે. શ્રી બરાડીયા બાપુ રામ કથાના માધ્યમ દ્વારા જીવનભર શ્રેષ્ઠત્તમ માર્ગદર્શન આપનાર મહાન ધર્મગ્રંથ રામાયણ આધારિત સરળતાથી અને લોકબોલીમાં ભાવપૂર્વક કથાનું શ્રવણ કરાવી રહ્યો છે.

વીજ કરંટથી હોમગાર્ડ જવાનનું મૃત્યુ પામનારના પરિવારને મદદ કરવાના હેતુથી

# ચિલોડા પોલીસ તથા હોમગાર્ડ્સ જવાનોએ માનવતાની મહેંક પ્રસરાવી

ચિલોડા, તા. ૧૬

ગાંધીનગર તાલુકાના ચિલોડા ખાતે તાજેતરમાં મોડી રાત્રે ચોરી કરવા આવેલ શખ્સો પકડવા જતાં હોમગાર્ડસ જવાન શ્રી વિક્રમસિંહ બિહોલાને વીજ કરંટ લાગતાં કમકમાટીભર્યુ મોત નીપજ્યું હતું. પરિણામે સમગ્ર વિસ્તારમાં લોકોમાં આઘાતની ઊંડા શોકની લાગણી પ્રસરી જવા પામી હતી. આ મૃતક પરિવારનો મોભી ગુમાવતાં ભારે દુઃખની લાગણી વ્યક્ત કરી હતી.

જ્યારે આ પરિવારને માનવતાની રાહે ચિલોડા પોલીસ સ્ટેશનના પોલીસકર્મીઓએ પરિવારને મદદરૂપ થવાને અર્થે રૂ. ૨૫૧૦૧ ની રકમ તથા ડી.એસ.પી. દ્વારા રૂ. ૫૦૦૦ની રકમ એકત્રિત કરી માનવતાની મહેંક પ્રસરાવી છે. જ્યારે ચિલોડા હોમગાર્ડઝ સબ યુનિટના જવાનોએ એક દિવસનો પગાર આપી કુલ ૨૧૧૧૧ ની રકમ આપી માનવતાની મહેંક પ્રસરાવી હતી. જેમાં જિલ્લા કમાન્ડન્ટ, ગિરિશભાઈ પરમાર, ચિલોડા સબ યુનિટ ઈન્ચાર્જ બી.એમ. જાદવ, એમ.પી. ભટ્ટ, આર.એમ. સોલંકી વગેરે સરાહનીય મદદરૂપ થવાની લાગણી વ્યક્ત કરી હતી. જ્યારે જિલ્લા ડીએસપીએ પ્રશંસનીય કામગીરીને બિરદાવી હતી.



ગુજરાત રાજ્યમાં ઉનાળાનો આકરો તાપ સૌને તપાવી રહ્યો છે... કાળઝાળ ગરમીમાં લોકો વહેલા સૂર્યના આકરા તાપથી બચવા ઘરમાં પુરાઈ કંઈક અંશે રાહત મેળવવા પ્રયત્ન કરી રહ્યા છે. નાગરિકો એ.સી., પંખા, કુલર તથા અન્ય માધ્યમો દ્વારા ગરમીથી બચવા, રાહત મેળવવા આતુર બન્યા છે. જ્યારે પશુ-પક્ષીઓ માટે ઉનાળો અસહ્ય બનતા ચિલોડા પંથકમાં આવેલા આલિશાન કોમર્શિયલ કોમ્પ્લેક્ષોમાં રખડતા કૂતરાઓ ગરમીથી બચવા શિવ કોમ્પ્લેક્ષના બીજા માળે એસ.બી.આઈ. બેંકની ઓસરીમાં ઘણા નાગરિકોની હેરાફેરી હોવા છતાં બે ઘડી ઠંડકનો અહેસાસ મેળવવા, મીઠી નીંદર માણી રહ્યા છે. બેંકમાં અવર-જવર કરતા ગ્રાહકોની ભારે ભીડ હોવા છતાં બિન્દાસથી ઊંઘ માણતા કૂતરાઓ નજરે પડે છે. (તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)

# આજથી શ્રી આદિશ્વર જૈન શ્વેતંબર મૂર્તિપૂજક સંઘ દ્વારા સેક્ટર-૩/ડી જિનાલયના દશાબ્દી મહોત્સવનો પ્રારંભ

ગાંધીનગર, તા.૧૬

શ્રી આદિશ્વર જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ સેક્ટર-૩/ડી, ગાંધીનગર ખાતે જિનાલયની દશાબ્દી વર્ષની ઉજવણી નિમિત્તે ત્રિ-દિવસીય મહોત્સવ તા. ૧૭મી મેથી ૧૯મી મે દરમિયાન યોજાશે.

દશાબ્દી વર્ષની ઉજવણી નિમિત્તે પ્રમુખ નરેશભાઈ શાહે વિગતો આપતા જણાવ્યું છે કે તા. ૧૭મી મેના રોજ પ્રથમ દિવસે પંચકલ્યાણક પૂજા શાસન પ્રભાવક રાષ્ટ્ર સંત આચાર્ય દેવ પદ્મ સાગરસૂરીશ્વરજી મહારાજના શિષ્યરત્ન પરમ પૂજ્ય જ્યોર્તિવિંદ આચાર્ય ભગવંત શ્રી અરૂણોદય સાગરસૂરી મ.સા.ની નિશ્રામાં યોજાશે. સવારે ૬ કલાકે પ્રભાતિયાં, ૯ કલાકે પંચકલ્યાણ પૂજા, બપોરે ૧૧.૩૦ કલાકે સ્વામી વાત્સલ્ય અને રાત્રે ૮ કલાકે ભાવના યોજાશે. બીજા દિવસે ૧૮મીએ અઢાર અભિષેક યોજાશે. અઢાર અભિષેક દરમિયાન મૂળનાયક શ્રી આદિશ્વરદાદાની ધજા ચઢાવવાનો આદેશ આપવામાં આવશે તેમજ સૂર્યચંદ્ર સુમનના શ્રી સંઘને દર્શન કરાવવાના તથા આરતી મંગળ દિવો શાંતિ કળશ તથા અષ્ટપ્રકારી પૂજાના આદેશપણ આપવામાં આવશે. અઢાર અભિષેક ભણાવવા પંકજભાઈ વોરા તપોવનવાળા પધારશે. ત્રણેય પ્રભુજીની ભવ્ય અંગ રચના કરવામાં આવશે. ત્રીજા દિવસે ૧૯મી મે ૨૦૧૩ના રોજ મંગલ ધ્વજા રોહણ કાર્યક્રમ યોજાશે. સવારે ૬ કલાકે પ્રભાતિયાં, ૮ કલાકે સત્તરભેદી પૂજા ૯.૩૦ કલાકે, નવકારશી યોજાશે. ધજાઓના આદેશ બાદ શ્રી સિદ્ધચક્ર, મહાપૂજન યોજાશે.

કમલ કિશોર જૈન (કલ્પતરૂવાળા) પરિવારના સૌજન્યથી શ્રી આદિશ્વર જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ દ્વારા જિનાલય દશાબ્દી વર્ષ અંતર્ગત ત્રિ-દિવસીય મહોત્સવનો આજથી શ્રી આદિશ્વર જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘના દેરાસર પ્લોટ નં. ૧૪૮૩/૧, સેક્ટર-૩/ડી, ગાંધીનગર ખાતે પ્રારંભ રહ્યો છે જેમાં સૌ જૈન પરિવારો ભાગ લેશે.

## પી.આઈ. એસ.ડી. પટેલના મોટા ભાઈનું દુઃખદ અવસાન

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગર શહેરના સેક્ટર-



૨૧ પોલીસ સ્ટેશનમાં સિનિ. પી.આઈ. તરીકે ફરજ બજાવતા એસ.ડી. પટેલના મોટાભાઈ પાલનપુર ખાતે રહેતા હતા. ઘણા સમયથી બિમારીમાં સપડાયેલા ૪૭ વર્ષીય મોટાભાઈ દિનેશભાઈ દલછારામ પટેલ (ઉકાવાળા)નું ગત રાત્રીએ દુઃખદ અવસાન થવા પામ્યું છે. સદ્‌ગત બેસણું ૧૮ મે, શનિવારે સવારે ૮.૦૦ થી ૧૨.૦૦ કલાકે પાલનપુર, શેરી નં. ૧, જૂના લક્ષ્મીપુરા, પંચાયત ઘરની સામે રાખવામાં આવ્યું છે.

## ગાંધીનગરમાં ડાયાબિટિસ નિવારણ કેમ્પનું આયોજન

ગાંધીનગર, તા.૧૬

આવકાર એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત શહેરની પ્રેરણા વિદ્યાલય ખાતે કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. સ્વામી વિવેકાનંદ ડિસ્ટ્રીકટ યોગા વેલનેસ સેન્ટર દ્વારા ડાયાબિટીસ નિવારણ કેમ્પનું આયોજન આગામી ૨૦મી મેથી ૨૫મી મે સુધી કરવામાં આવેલ છે. આ કેમ્પમાં યોગિક ક્રિયાઓનું નિર્દેશન આપવામાં આવશે. જેમાં વિવિધ આસનો, પ્રાણાયામ, વગેરે દ્વારા ડાયાબિટિસ જેવા રાજ રોગને દૂર કરવા માટે યોગિક ક્રિયા દ્વારા તેનું નિવારણ કરવામાં આવશે.

## એસિયાની મે માસની માસિક બેઠક રદ

ગાંધીનગર, તા. ૧૬

એસોસિએશન ઓફ સિનિયર એન્જિનિયર્સ એન્ડ આર્કિટેક્ટ્સના મંત્રી એચ.બી. શાહે એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે, અસહ્ય ગરમી અને લગ્નની મોસમને કારણે મે-૨૦૧૩ની માસિક સભા રદ કરવામાં આવી છે. તેમજ હવે પછીની જૂન-૨૦૧૩ની માસિક સભા તા. ૧૬મી જૂન-૨૦૧૩ને રવિવારના રોજ સવારે ૧૦.૩૦ કલાકે નમન એપાર્ટમેન્ટ, મહારાષ્ટ્ર, સમાજ ભવન સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર ખાતે મળશે. જે અંગેની સર્વે સભ્યોએ નોંધ લઈ જૂન માસની માસિક સભામાં અચૂક હાજર રહેવા અનુરોધ કરવામાં આવ્યો છે.

## કૃષિ લાભાર્થીઓના મોબાઈલ નંબર મોર્ડલ એકત્રીત કરવા સૂચના અપાઈ

ગાંધીનગર, તા. ૧૬

ખેડૂતોના લાભાર્થે રાજ્ય સરકાર દ્વારા આરંભાયેલ કૃષિ મહોત્સવ-૨૦૧૩ અંતર્ગત ગાંધીનગર જિલ્લાકક્ષાના કૃષિ મહોત્સવ કાર્યક્રમનો પ્રારંભ કલોલ તાલુકાના ડીંગુચા ગામેથી રાજ્યના ગૃહ રાજ્ય મંત્રી રજનીકાંત પટેલે કરાવ્યો હતો. જેમા ખેડૂતોને ખેતી વિષય માહિતી અને કિટનું વિતરણ કરવામાં આવે છે. ત્યારે આજે મુખ્યમંત્રી કાર્યાલય દ્વારા એક પત્ર જાહેર કરી અધિકારીઓને ગામ કીટ લાભાર્થીઓના મોબાઈલ નંબર અને મોબાઈલ કંપની સહિત મોર્ડલ નંબર એકત્રીત કરવા સૂચનાઓ આપવામાં આવી હતી જે હાલ સમગ્ર કૃષિ મહોત્સવમાં ચર્ચાનો મુદ્દો બન્યો છે.



(તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)

ગાંધીનગર તાલુકાના ચિલોડા મોટાના સર્કલ પાસે પાંચ માર્ગીય રસ્તા પર વહેલી સવારથી સાંજ સુધી અસંખ્ય મુસાફરો, વેપારીઓ તથા અન્ય માનવ મહેરામણનો જમેલો જોવા મળે છે. આ માર્ગ પર અમદાવાદથી હિંમતનગર જવાના માર્ગ પર પાઉચ - બોટલોનું ધૂમ વેચાણ કરતા ફેરિયાઓ વાહનોની પાછળ હેરાફેરી કરતા હોય છે. જ્યારે ચિલોડા ગામના ચિલોડા સેવા સહકારી મંડળીના ચેરમેન શ્રી જગદીશભાઈ બી. પટેલ દ્વારા ચિલોડા પોલીસ સ્ટેશનના પટાંગણમાં આવેલા લીલા લીમડાની છાંય નીચે જનસેવા એ જ પ્રભુસેવાના માર્ગે વરેલા સેવાભાવી જગદીશભાઈએ ચિલોડા પંથકમાં ઉનાળાના આકરા તાપમાં નિઃશુલ્ક પાણીની પરબની સુવિધા ઉભી કરવામાં સુંદર ભાવનાએ પોતે ૧૨ માટલાની ઠંડા પાણીની સુવિધા ઉભી કરતાં લોકોની પ્યાસ બુઝાવવા પ્રસંશનીય કામગીરીનું બીડું ઝડપ્યું છે. આ સુવિધામાં ૧૨ માટલાની સુવિધામાં એક માટલામાંથી ધીમે ધીમે ટીપા સ્વરૂપે બીજા માટલામાં પાણી ભરાય છે. આ ઉપરાંત વાંદરાથી નુકસાન ન થાય તે માટે પાંજરાની સગવડ કરેલ છે. તેનાથી મુસાફરોને શુદ્ધ કે નિરોગી નીર પીવા મળે તે માટે સેવાભાવી વ્યક્તિ દરેકને પાણી પીવડાવતા નજરે પડે છે.

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૬.૦૮
સૂર્યાસ્ત : ૭.૦૨

## તાપમાન

મહત્તમ : ૪૨.૮ ડિ.સે.
લઘુત્તમ : ૨૬.૫ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૬૫ ટકા ● સાંજે ૨૯ ટકા

## મનોરંજન

### સિને મેક્સ

: સ્ક્રીન-૧ :
ઈપીઆઈસી (૩ડી) (હિન્દી) : ૯.૦૦, ૧.૩૦, ૬.૦૦
ધ રિલેકટન્સ ફંડામેન્ટલીસ્ટ (હિન્દી) : ૧૧.૦૦, ૩.૩૦, ૧૦.૩૦
આઈરોન મેન (૩ડી) (હિન્દી) : ૮.૦૦

: સ્ક્રીન-૨ :
ગો ગોઆ ગોને : ૧૦.૦૦, ૮.૧૫
આશિકી-૨ : ૧૨.૧૫, ૨.૪૫, ૧.૩૦
શૂટ આઉટ એટ વડાલા : ૫.૧૫

: સ્ક્રીન-૩ :
ઔરંગજેબ : ૧૦.૧૫, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫

: સ્ક્રીન-૪ :
ઔરંગજેબ : ૯.૦૦, ૧૨.૦૦, ૯.૦૦
ગો ગોઆ ગોને : ૩.૦૦
આશિકી-૨ : ૬.૦૦

### સૂર્યા, વાવોલ

ઔરંગજેબ : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
શક્તિ ધ પાવર : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

### મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :
ઔરંગજેબ: ૧૦.૦૦, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦

: સ્ક્રીન-૨ :
આશિકી-૨ : ૧૦.૩૦, ૧.૦૦, ૭.૦૦, ૧૦.૦૦
ઔરંગજેબ : ૩.૩૦

: સ્ક્રીન-૩ :
શૂટ આઉટ વડાલા : ૧૦.૧૫, ૪.૦૦, ૧૦.૦૦
ગો ગોઆ ગોને : ૧.૧૫, ૭.૦૦

### ચિરાગ, કલોલ

ઔરંગજેબ : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

## આપની આજ

**મેષ** : નવી કાર્યયોજનાના યોગ પ્રબળ છે. પ્રેમ સંબંધોમાં સફળતા મળશે. સામાજિક જવાબદારીમાં વધારો થઈ શકે છે. વેપાર ક્ષેત્રે ભાગીદારીમાં સંભાળવું. વડીલોનું માર્ગદર્શન કાર્યક્ષેત્રે ઉપયોગી સાબિત થઈ શકે છે.

**વૃષભ** : બુદ્ધિના ઉપયોગથી કાર્યમાં પ્રગતિ થશે. ભાગ્યોદયની તક મળી શકે છે. વડીલોના આરોગ્યની ચિંતા હળવી બનતી જણાય. કુટુંબીજનો સાથે આનંદમયરીતે સમય પસાર થઈ શકે છે. સમય શુભ.

**મિથુન** : માનસિક શાંતિ જાળવી રાખવી. માનસિક શાંતિ જાળવી રાખવી. આર્થિક સ્થિતિમાં સુધારો થઈ શકે છે. વાહન - જમીન- મકાનની ખરીદી થઈ શકે છે. કૌટુંબિક પ્રશ્નોનું નિરાકરણ આવી શકે છે. સમય સાનુકૂળ.

**કર્ક** : સગા સંબંધીઓથી મુલાકાત થશે. ભૌતિક સુખ- સુવિધામાં વધારો થઈ શકે છે. આરોગ્યની સુખાકારી જળવાઈ રહે. સ્નેહીજનો- મિત્રો સાથે મુલાકાત થઈ શકે. સમય શુભ.

**સિંહ** : સામાજિક ક્ષેત્રોથી લાભ મળી શકશે. સામાજિક ક્ષેત્રોમાં ધાર્મિક કાર્યો વગેરેનો યોગ છે. વિદેશથી શુભ સમાચાર મળી શકે છે. વેપાર- વાણિજ્ય ક્ષેત્રે નવા રોકાણ થઈ શકે છે. નવા સંબંધ બની શકશે.

**કન્યા** : વિશેષ ઉન્નતિકારક યોગોને કારણે મન પ્રસન્ન રહેશે. આર્થિક મુશ્કેલીઓ દૂર થઈ શકે છે. આવક કરતાં ખર્ચ ન વધે તેની કાળજી રાખવી. સંતાન સંબંધી પ્રશ્નોના ઉકેલ આવી શકે છે. દિવસ શાંતિથી પસાર કરવો.

**તુલા** : કુટુંબમાં સારું વાતાવરણ મનને પ્રસન્નતા આપશે. નોકરી - વેપાર અર્થે થયેલો પ્રવાસ ફળદાયી નીવડી શકે છે. કૌટુંબીજનો સાથે યાત્રા- પ્રવાસનું આયોજન થઈ શકે છે. સમય શુભ.

**વૃશ્ચિક** : સામાજિક કાર્યોમાં સન્માન પ્રાપ્ત થશે. નોકરીમાં સ્થિતિ મજબૂત રહેશે. માનસિક ચિંતા હળવી બનતી જણાય. આરોગ્યની સુખાકારી જળવાઈ રહે. સ્નેહીજનો- મિત્રો સાથે મુલાકાત થઈ શકે. સમય શુભ.

**ધન** : કર્મક્ષેત્રમાં સફળતા પ્રાપ્તિનો યોગ, સન્માન અને ઉપલબ્ધિ પ્રાપ્તિનો યોગ બની રહ્યો છે. વેપાર- વાણિજ્ય ક્ષેત્રે નવા રોકાણો થઈ શકે છે. ભાગ્યોદયની તક મળી શકે છે. વડીલોના આરોગ્યની ચિંતા હળવી બનતી જણાય.

**મકર** : તમારી વ્યવહાર કુશળતાથી વેપારમાં સફળતા પ્રાપ્ત કરીશકશો. સ્થાયી સંપતિ મળવાનો યોગ છે. સામાજિક જવાબદારી હળવી બનતી જણાય.

**કુંભ** : જીવનસાથી અને ભાગીદારોથી વિશેષ લાભ પ્રાપ્તિનો યોગ. વેપાર, કુટુંબમાં શુભકાર્યો થઈ શકશે. દિવસ આનંદમયરીતે પસાર થઈ શકે છે.

**મીન** : આવકના સ્ત્રોતમાં ભાગ્યવર્ધક વૃદ્ધિનો યોગ બની રહ્યો છે. કર્જ સંબંધી કાર્યોમાં લાભ, વિશેષ, ધાર્મિક મહત્વનાં કાર્યોમાં સમય પસાર થશે.

## ચિરવિદાય

- સ્વ. સુશીલાબેન બદ્રીપ્રસાદ ભટ્ટ (ઉ.વ. ૮૨) ૧૨૯, આનંદનગર, સેક્ટર-૨૭, ગાંધીનગર.
- સ્વ. પુરષોત્તમદાસ ઉજમસિંહભાઈ કાપડીયા (ઉ.વ. ૮૨) ૧૨૯, આનંદનગર, સેક્ટર-૨૭, ગાંધીનગર.
- સ્વ. બાબુજી કાળાજી ઠાકોર (ઉ.વ. ૩૦) મુ.પો. પ્રાંતિયા, તા., જિ. ગાંધીનગર.